જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧૨/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૧૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૩૬ લીટર દેશી દારૂ અને ૨૨ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૪૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૧૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૪૧૩/૧૬

દાણીલીમડાઃ સાહીદઅલી શૌકતઅલી કુરેશી (ઉ.વ.૩૧)(રહે,ગુલીસ્તાન સોસાયટી, લાલા કોમ્પ્લેક્ષની બાજુમાં શાહઆલમ દરવાજા અંદર, શાહ આલમ) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૨/૨૦૧૬ કલાક ૧૨/૩૦ વાગ્યાનાં સુમારે સાહીદઅલી નાઓ સેંન્ટ્રલ બેંક ઓફ ઇંડીયા ખોખરા શાખાનો રૂપિયા ૧૦,૦૦૦/- નો ચેક સ્લિપ ભરી, બેંકના ડ્રોપ બોક્સમાં નાંખવા જતાં હતા દરમ્યાન એક અજાણ્યા ઇસમે પોતે “હું હોમગાર્ડનો માણસ છું” તેમ કહી સાહીદઅલીને વિશ્વાસમાં લઈ ચેક જમા નહીં કરાવી ચેક લઇ નાસી જઇ સાહીદઅલી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એલ.પટણી ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૪૧૪/૧૬

વટવાઃ મનોજભાઇ ભટુભાઇ બાગડે (રહે, ધરતી સ્ટેટસ ન્યુ આર.ટી.ઓ.રોડ વસ્ત્રાલ) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૧૨/૧૬ રાતનાં ૧૦/૩૦ થી તા.૧૦/૧૨/૧૬ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન પુનીતનગર રેલ્વે ક્રોસીંગ પાસે, હરીક્રિષ્ણા પાર્ક કોમ્પલેક્ષમાં આવેલ પોતાની દુકાન નંબર-૬૭ “જયદીપ મોડલીગ સ્ટુડીયો” નાં શટલનું તાળું તોડી, અજાણી વ્યક્તિ સ્ટુડીયોમાં પ્રવેશ કરી, ફોટો કેમેરા, વિડીયો કેમેરો તેમજ અન્ય ચીજવસ્તુઓ મળી કુલ કિંમત રૂપિયા ૨,૧૩,૧૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.ઠુમર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નજર ચુકવી ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૧૫/૧૬**

**સેટેલાઇટઃ** પૌલોમી ડો/ઓ વિપુલભાઇ ગજ્જર (રહે, શુભમ રેસીડન્સી કોલટ ગામ તા.સાણંદ જી.અમદાવાદ) એ તા.૩૦/૧૨/૧૬ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૨/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે રામદેવનગર ચાર રસ્તા પાસે ગુલમહોર પાર્ક નજીકથી એક છોકરાએ પૌલોમીબહેનની નજર ચુકવી પર્સની ચોરી કરી લીધી હતી. જે પર્સમાં જુદી-જુદી ચીજ વસ્તુઓ મળી કુલ કિંમત રૂપિયા ૩૯,૫૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ઇન્દ્રજીતસિંહ અમરસિંહ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૪૧૬/૧૬**

**કારંજઃ** નંદલાલ બીકાઉભગત કુશવાહ (રહે, શાંતીનગર, મહાલક્ષ્મી કોર્નરની બાજુમાં વટવા) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૨/૧૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે રૂપાલી ચોક લાલ દરવાજા ઝીરો નંબરના બસ સ્ટેન્ડ નજીકથી ઇન્દ્રજીત શીવકુમાર કુશાવત (ઉ.વ.૧૩) ચાલતો પસાર થઇ રહ્યો હતો ત્યારે એ.એમ.ટી.એસ.બસના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવતા ઇન્દ્રજીત બે બસની વચ્ચે દબાઇ જતાં, ઇન્દ્રજીતને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર દરમ્યાન ઇન્દ્રજીતનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.બી.વિહોલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૪૧૭/૧૬**

**ઘાટલોડીયાઃ** અગમપ્યારી જયદીપભાઇ વાછાણી (ઉ.વ.૨૮)(રહે, હિરાબાગ સોસાયટી, વિભાગ-૨, સી.પી.નગર પાસે ઘાટલોડીયા) એ ઘરની આર્થિક પરીસ્થીતી સારી ન હોવાથી મનમાં લાગી આવતા, તા.૩૦/૧૨/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સવજીભાઇ તળજાભાઇ ચલાવે છે.

**રિવરફ્ન્ટ વેસ્ટઃ** અતુલભાઈ રમેશભાઈ સોલંકી (ઉ.વ.૨૨) (રહે.ઈન્દીરાનગર, વસ્ત્રાલ) પ્રેમસબંધમાં નિષ્ફળ જતાં મનમાં લાગી આવતા તા.૨૯/૧૨/૧૬ રાતના ૯/૨૦ વાગ્યાના સુમારે ગાંધીબ્રીજ નીચે સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્ન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યોગેન્દ્રસિંહ દિલીપસિંહ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)